# "જીત અમારી" પ્રોજેક્ટ

**તા. ૧૭ થી ૨૨/૧૧/૨૫ : "જીત અમારી" પ્રોજેક્ટ અંતર્ગત શાળાનાં ૫૩૦ વિદ્યાર્થીઓએ (ધો. ૬ થી ૮ ગુ.મા., અં.મા., અને ધો. ૧૧ સાયન્સ, કોમર્સ અં.મા.) ૧૫ જેટલા જુદાં-જુદાં ક્ષેત્રનાં સફળ વ્યક્તિઓનાં જીવન ચરિત્ર વિશે સુંદર પ્રેઝન્ટેશન રજૂ કર્યુ.**

શાળાનાં વિદ્યાર્થીઓમાં વક્તૃત્વ કલા વિકસે, વિચાર શકિત ખીલે, સંઘર્ષનો સામનો કરવાની શકિત શીખે, અને સફળતા સુધી પહોંચવાની સાચી દિશા મળે એ હેતુથી આ નવતર પ્રયોગ હાથ ધરવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓએ વૈજ્ઞાનિક, ગણિતશાસ્ત્રી, કવિઓ, લેખકો, નોબલ પ્રાઇઝ વિનર, ઉદ્યોગપતિઓ, શિક્ષણશાસ્ત્રી, અર્થશાસ્ત્રી, આંકડાશાસ્ત્રી, અવકાશયાત્રી, રમતવીર, સંગીતકાર, ચિત્રકાર, ગાયકકાર, ફિલ્મીકલાકાર જેવાં વિવિધ ક્ષેત્રનાં સફળ વ્યક્તિઓનાં જીવનચરિત્ર વિશે પોતાના વિભાગમાં દરેક વર્ગમાં જઇ પ્રેઝન્ટેશન કર્યુ હતું. દરેક વર્ગનાં વર્ગશિક્ષક દ્વારા તેમનું સંગ્રહિત તૈયાર કરી પરિણામ તૈયાર કરવામાં આવ્યું હતું. પાંચ વખત પ્રેઝન્ટેશન કરવાની વિદ્યાર્થીને તક મળી હતી. આ પ્રોજેક્ટમાં વર્ગનાં ૧૦૦% વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

આ પ્રોજેક્ટનું આયોજન શાળાનાં ડાયરેક્ટર મા.શ્રી ડૉ. ભગુભાઇ આઇ. પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ જે તે વિભાગનાં કન્વીનર કંચનબેન પરમાર (ધો- ૬ થી ૮ ગુંમા.), કવિતાબેન ગવહાને (અં.મા.), ઉન્નતિબેન પટેલ, રજનીબેન પટેલ (કોમર્સ વિભાગ) દ્વારા હાથ ધરવામાં આવ્યો હતો. આ વિદ્યાર્થીઓનાં વકતવ્યને લોકસમુદાય સુધી પહોંચાડવાનું કામ કોમ્પ્યુટર શિક્ષકો દિપીકાબેન સોલંકી, સોનલબેન વાઘે કર્યુ હતું. તેમણે નિર્ણાયક તરીકેની ભૂમિકા ભજવી હતી.

| ધોરણ | ગ્રુપ નં | વિદ્યાર્થીનું નામ | મહાન વ્યકિતનું નામ | વર્ગ શિક્ષક |
|---|---|---|---|---|
| ૬-અ | ૧ | રાણા ચાર્મી એ. (પ્રથમ)<br>પટેલ દેવાંશ ટી. (દ્વિતિય) | યુરી ગાગરીન (અવકાશ યાત્રી) ઉદય કોટક (ઉદ્યોગપતિ) | પલ્લવીબેન મહિડા |
| | ૨ | માછી જૈનિશ એ. (પ્રથમ)<br>પરમાર દુર્વા આર. (દ્વિતિય) | મીનાકુમારી (શ્રેષ્ઠ અભિનયકાર)<br>રવિન્દ્ર જાડેજા (રમતવીર) |  |
| | ૩ | ચૌહાણ પૂજા એન. (પ્રથમ)<br>જોષી ક્રિશા જે. (દ્વિતિય) | કીર્તિદાન ગઢવી (સંગીતકાર) જોનગ્લેન (અવકાશયાત્રી) | |
| | ૪ | જાદવ રિતિકા પી. (પ્રથમ)<br>રણા પ્રિયાંશી એ. (દ્વિતિય) | સેલીન પંડયા (વૈજ્ઞાનિક)<br>નેલ્સન મંડેલા (સમાજસેવક) | |
| | ૫ | મહેતા શ્રીયા આર. (પ્રથમ)<br>પરમાર વ્રજ બી. (દ્વિતિય) | સી.વી.રામન (નોબલ પ્રાઇઝ વિનર),<br>નસગિસ (અભિનયકાર) | |
| ૬-બ | ૧ | રાણા ચૈન્મય ડી. (પ્રથમ)<br>પટેલ અર્જુન આઇ. (દ્વિતિય) | કલ્પના ચાવલા (અવાકાશયાત્રી)<br>દયારામ (કવિ) | અદિતીબેન જોરાવીયા |
| | ૨ | મોદી હની એસ. (પ્રથમ)<br>પટેલ હિમાંશુ આર. (દ્વિતિય) | લાલગુડી, જયરામન (સંગીતકાર)<br>દયાનંદ (રમતવીર) |  |
| | ૩ | મિસ્ત્રી નવ્યા એચ. (પ્રથમ)<br>શાહ નિર્વા આર. (દ્વિતિય) | બાબા સાહેબ આંબેડકર (અર્થશાસ્ત્રી),<br>સુબ્રહ્મણ્યન ચંદ્રશેખર (નોબલ પ્રાઇઝ) | |
| | ૪ | કાયસ્થ પ્રિન્સ કે. (પ્રથમ)<br>રાઠોડ પ્રણવ કે. (દ્વિતિય) | માર્ટિન લ્યુથર (સમાજસેવક)<br>કયારા અડવાણી (અભિનયકાર) | |
| | ૫ | અટોદરિયા વેદાન્શીકુંવરબા(પ્રથમ),<br>વાળંદ વિહાન વી. (પ્રથમ)<br>પટેલ તુષાર એચ. (દ્વિતિય) | જગદીશ ઠાકોર (ગાયક)<br>સરદાર વલ્લભભાઇ પટેલ<br>ધ્યાનચંદ (રમતવીર) | |
| ૭-અ | ૧ | ફૂમતીવાલા આરવી એસ. (પ્રથમ)<br>રાણા આસ્થા એન. (દ્વિતિય) | ઝવેરચંદ મેઘાણી (લેખક)<br>કાર્લ ફિડ્રિચ ગાઉસ (ગણિતશાસ્ત્રી) | હિનાબેન ભાવસાર<br> |
| | ૨ | કાયસ્થ ઇશા એચ. (પ્રથમ) | સી.વી. રામન ( નોબલ પ્રાઇઝ વિનર)<br>નર્મદ (કવિ) | |
| | ૩ | સુથાર મિહિર એ. (પ્રથમ)<br>રાણા મિતુલ જે. (દ્વિતિય) | ગેલેલિયો (વૈજ્ઞાનિક)<br>એલન સ્પેસ (અવકાશયાત્રી) | |
| | ૪ | મિસ્ત્રી નૈના બી.(પ્રથમ)<br>જાદવ પથિન ડી. (દ્વિતિય) | એડમ સ્મિથ(અર્થશાસ્ત્રી)<br>રોહિત શર્મા (રમતવીર) | |